શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૭ • તા.૦૬ થી ૧૨ ઓગસ્ટ ૨૦૨૨


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

KDO SANJIVANI

# સંજીવની સ્કીમ દ્વારા જરૂરતમંદોને જ્ઞાતિજનો દ્વારા પલભરમાં મળતી સહાય


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# વતનની યાદ

માણસનો સ્વભાવ એવો અળવિતરો છે કે જ્યારે વ્યક્તિ આપણાથી દૂર જાય એટલે વહાલી લાગે એનો ઝુરાપો થાય. આપણી પાસે હોય, સમીપ હોય ત્યારે સામાન્ય લાગે. એની આપણને કદર ન થાય. પણ જ્યારે આપણાથી આઘેરી જાય એટલે લાગે કે સાલું આપણા દિલથી નજીક તો એ હતો. આવો સંબંધ, નાતો આપણા વતન સાથેનો હોય છે. મા ભોમ, માતૃભૂમિ, જન્મભૂમિ, વતન જે કોઈપણ નામે ઓળખીએ. એ અન્ય શહેર નગરથી આપણી નજીક હોવાનો.

આ વતન એટલે કયુ ગામ, શહેર? જ્યાંથી આપણા વડીલો આવ્યા, જ્યાં તેઓ જન્મયા, પરવરિશ પામ્યા. તેમના વડીલો પાર્જિત ઘર, ખેતર સ્થિત હોય. આ વતનમાં આપણે પણ જઈ આવ્યા હોઈએ, દાદા-દાદી, મોટા બાપા-મા, કાકા-કાકી અને તેમના સંતાનો સાથ રજાઓ ગાળી હોય. આખો દિવસ નિજાનંદથી મસ્તી, મજા કરી હોય. એ આપણું વતન કહેવાય? કે આપણો જન્મ, ઉછેર, શિક્ષણ જે ગામ શહેરમાં થયુ હોય એ આપણું વતન કહેવાય? માણસની જન્મ ભોમકા, અલગ હોય, કર્મ ભોમ અલગ હોય. સરકારી બાબુઓના સંતાનો પંદર, અઢાર વર્ષના થાય ત્યાં સુધી દસબાર શહેરમાં રહી ચૂક્યા હોય, અલગ અલગ શાળા, કોલેજમાં શિક્ષણ જ્ઞાન લેવું પડ્યું હોય.

આપણું વતન છોડીને જ્યાં આપણે વસયા હોઈએ ત્યાં જો કોઈ વિપદા, આફત આવે. ધર્મ, કોમને નામે દંગલ થાય. ભાષા કે અન્ય પ્રાંતવાસીઓને ટાર્ગેટ કરીને તોફાન થાય. ત્યારે આપણા વડીલોનું ગામ, તે ગામમાં રહેલું વારસાઈ મકાન આપણો આશ્રય સ્થાન બનવાનું. દેશના અન્ય પ્રદેશ કે રાજ્યમાં ધંધા, રોજગાર માટે વસવું પડે. પણ આખરે આપણું વતન એ આપણું વતન, પરદેશમાં પણ આપતિ કાળ આવે ત્યારે માણસ શરણું શોધે પોતાના દેશમાં. સુખ, સગવડ સંપતિ ભલે ત્યાં મળી હોય પણ આખરે શાંતિ મળે આપણા મુલકમાં.

વતન એટલે ગામડું હોય એ જરૂરી નથી. એ શહેર કે મહાનગર પણ હોઈ શકે. જ્યાં આપણે પહેલીવાર આંખ ખૂલીને બધુ જોયું હોય, જ્યાં સવાર, સાંજ, બપોર, રાત આપણે માણી હોય. જ્યાંની ગલી સડક, દુકાનો, મકાનો, બાગ-બગીચા, શાળા આપણી આંખોમાં વસી ગઈ હોય જ્યાં જિંદગીના અમૂલ્ય વર્ષો પસાર કર્યા હોય. જે આપણું પોતીકું થઈ દિલમાં ઉતરી ગયુ હોય. એ આપણું વતન વર્ષો પછી જ્યાં જઈએ અને ઓળખતા ઉમળકાથી બોલાવે, દુકાનદારો અહોભાગથી વાતચીત કરે. રસ્તા, ચોક બદલાયેલ છતાં અપરિચીત લાગે બન્ને બાજુ ખુલ્લી કરતાં આપણને વહાલપૂર્વક ભેટતાં લાગે. મિત્રો હસી ખુશીથી ગળે વળગે, વડીલો આદરપૂર્વક ખબર અંતર પૂછે જૂના સંસ્મરણો વાગોળે એ વતન નાનું ગામ હોય, શહેર હોય કે મહાનગર હોય, સૌની તાસીર વર્તન અલગ હોવાનો પણ વ્હાલ, લાગણીને કાળજી અઢળક હોવાની.

વર્ષો બાદ વતન ગયા પછી જ્યારે વતન છોડવાની ક્ષણો આવે ત્યારે શાયર આદિલ મન્સૂરીની આ એવરગીન કાવ્યની પંક્તિઓ જરૂર યાદ આવી જવાની

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે, ફરી આદ્રષ્ય સ્મૃતિપટ પર મળે ન મળે,
વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ'. અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

- જય જ્ઞાતિમૈયા

# ધર્મને કારણે પરિવર્તન




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

ધર્મનો પાયો જીવન શુધ્ધિ, મન શુધ્ધિ અને વહેવાર શુધ્ધિ છે. ઘર બહાર તો આપણે સારા દેખાવાનો આડંબર કરીએ છીએ. કારણ કે દંભ અને ડોળ કરવો આપણો સ્વભાવ છે. આપણો અસલી ચહેરો ઘરમાં આપણા લોકોની વચ્ચે જ ખૂલે છે. બહારના લોકોની સમક્ષ માત્ર મુખવટો જ પ્રગટ થાય છે.

ધર્મની શરૂઆત ઘરથી થવી જોઈએ. માણસ ઘરમાં કેવો છે તે તેની ધાર્મિકતાનું બેરોમીટર છે. માણસ તિલક, જાપ, પૂજા પાઠ કરીને મંદિરમાં જતો હોય, પ્રભુ ભક્તિ કરતો હોય પરંતુ જો વ્યવહારમાં વાણી વર્તનમાં પ્રેમપૂર્ણ ન હોય વાત-વાતમાં ગુસ્સો થતો હોય, ઘરના સભ્યોનું હાડોહાડ અપમાન કરતો હોય દરેક વાતોમાં પોતાનું ધાર્યું કરતો હોય અને સ્વભાવ ગતથી આખા ઘરને અધ્ધરતાલ રાખતો હોય તો એની ધાર્મિકતાનો કોઈ અર્થ જ નથી. ધર્મ ચૂસ્ત માણસો જો જડ અને જિદ્દી હોય તો તેનો શું અર્થ? તેની ધાર્મિકતા ધર્માંધતા જ કહેવાય. સામાવાળાનો પ્રેમ, સ્નેહ અને લાગણી ન જીતી શકનાર વ્યક્તિ જીવનની વાસ્તવિકતાને સમજતા નથી અને પોતાનો કક્કો સાચો ઠેરવવા અને પોતે કહે છે એ જ સાચું છે એ માટે સૌની સાથે અથડામણમાં ઊતરતાં હોય છે.

જે માણસ આપણી સૌથી નજીક હોય તેની પાસે કશું છૂપાવી શકાતું નથી. ધાર્મિક માણસ ખૂલ્લા હૃદયનો હોય જે બધાને પોતાનામાં સમાવી શકે. ધાર્મિકતા સાથે ઉદારતા ખુલ્લું મન, શુધ્ધ ભાવના પ્રેમ અને સમદ્રષ્ટિ હોય તો તે ખરી સાધના છે. માત્ર ક્રિયાકાંડથી કશું વળે નહીં. ધર્મ ભાવના સાથે ભક્તિ પ્રેમ અને લાગણી ભાવ હોવા જરૂરી છે. પ્રેમ હોય, ભાવ હોય ત્યારે આપણે જે પણ કાર્ય કરીએ તે ભારરૂપ લાગતું નથી. પ્રેમ ન હોય તો કર્તવ્ય પણ બોજારૂપ લાગે છે. જો સંતાનો મા બાપને ખરેખર પ્રેમ કરતા હોય અને દિલથી ચાહતા હોય તો તેમની સેવા કરવામાં આનંદ અનુભવશે. માત્ર કર્તવ્ય નિભાવવા માટે કરતા હશે તો એ સેવા તેમને ભારરૂપ લાગશે. અંતરથી શુધ્ધ પ્રેમ હોય, આદર ભાવ હોય તો માવતરની સેવા કર્તવ્ય નહીં પણ ધર્મ બની જાય છે. થોડા સુખ સગવડના સાધનો હોય તો પણ તેમને સ્વર્ગનો આનંદ મળે છે. બિમાર વ્યક્તિ માટે સાર સંભાળ માટે નર્સની વ્યવસ્થા કરવાથી બધું પૂરું થઈ જતું નથી. પરંતુ સમય કાઢીને જાતે કરીએ તેમનો કરચલીવાળો હાથ પકડીને માત્ર હૂંફ આપી તેમની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર, સ્નેહભરી વાતચીત કરીએ, તેમની ખબર અંતર પૂછીએ તો તેમનું અર્ધુ દુ:ખ દૂર થઈ જાય. જે સેવામાં પ્રેમ અને લાગણી હોય તે સંબંધ શાશ્વત સુખનો ભાવ આપે છે.

ધર્મ આપણા જીવનને ઘડે છે અને આપણા સ્વભાવમાં, ચરિત્રમાં, વાણી વર્તનમાં પરિવર્તન કરે છે. પૂજા પાઠ, તપ, જપ અને ભક્તિ કરીએ તો સ્વભાવમાં, રીતભાતમાં બદલાવ ન થાય તો તેનો અર્થ નથી. ધર્મ કાર્યમાં લીન, મગ્ન થઈને પણ જો સ્વભાવમાં ચરિત્રમાં લેશ માત્ર બદલાવ ન થાય તો પછી તે ભક્તિ, શ્રધ્ધા અને ધર્મકાર્યનો કોઈ મતલબ નહીં.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સંજીવની સ્કીમ દ્વારા જરૂરતમંદોને જ્ઞાતિજનો દ્વારા પલભરમાં મળતી સહાય

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ જ્ઞાતિજનો માટે ઉપયોગી યોજના સંચાલિત કરી રહ્યું છે. સંજીવની યોજના જે અણધારી આપદામાં, અચાનક બિમારીમાં મોટા ખર્ચ સપડાઈ જતા જેમનો વીમો નથી કે મોટી એવી કોઈ બચત નથી એવા નાના, નબળાં જરૂરિયાતવાળા જ્ઞાતિજનોને ન કહીં શકે ન સહી શકે એવી પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. આવા આપદાગ્રસ્તથી ચિંતિત મેડિકલ સમિતિ પાસે પોતાના ઓપરેશન સારવાર અને ઈલાજ માટેનો એસ્ટીમેટ ખર્ચ અને અન્ય કાગળ પત્ર વગેરે રજૂ કરે જેનો સમિતિના એક્સપર્ટ સભ્યો તાત્કાલિક ચર્ચા વિચારણા અને સ્પેશિયાલીસ્ટ ડોક્ટરોને કન્સલ્ટ કરી વિગત સમજે અને ક્રાઉડ ફંડિંગ માટે મુકે. જે ફંડ ટૂંક સમયમાં ઉદાર દિલ જ્ઞાતિ દાતાઓના આત્મીય સપોર્ટથી ભંડોળ પૂરો થઈ જતાં તત્સમયે આ ફંડ જે તે અરજીકર્તાની હૉસ્પિટલમાં ટ્રાન્સફર કરી દેવાય છે. દર્દી કોઈપણ હૉસ્પિટલમાં પોતાની સગવડ, રોગની ઈમર્જન્સી અને ઓપરેશન સારવાર માટે અત્યાધુનિક ટ્રીટમેન્ટ આપતી હૉસ્પિટલમાં દાખલ થઈ શકે છે. આ માટે મેડિકલ સમિતિનો કંઈ બંધન નથી હોતું.

સંજીવની યોજનાના અરજીકર્તા ચિંતીત ચહેરે આવે છે અને હસતા-ખુશ થતાં વાપિસ સ્વઘરે સિધાવે છે. આ યોજનાની સફળતાં જ્ઞાતિના ઉદારદિલ દાતાશ્રેષ્ઠીઓનો મહત્વનો ફાળો છે કે કદી વિસરી ન શકાય.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**


| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંજીવની કેસ નં.૮૦ માટે તત્કાળ રૂા.૪૪ હજાર જમા થતાં કેસ બંધ




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ દ્વારા સંજીવની કેસ નં.૮૦ માટે રૂા.૪૪ હજાર મદદ માટે ક્રાઉડ ફંડિંગ મદદ માટે અપીલ કરાઈ હતી. આ કેસના પેશન્ટ ૮૨ વર્ષીય જયાલક્ષ્મીબેન મણિલાલ શાહ લોડાયા, સુજાપર, દેવલાલી પડી જવાને લીધે હિપ ફ્રેક્ચરને કારણે SMBT ગર્વમેન્ટ હોસ્પિટલ નાસિક રોડમાં એડમિટ કરાયા હતા. જેમને સર્જરી માટે ભલામણ ડોક્ટરો દ્વારા અપાઈ હતી અને એનો સારવાર ખર્ચ રૂા.૯૦ હજાર અંદાજિત અપાયો.

હાલમાં જ નોકરી એ લાગેલ પુત્રના પરિવાર સાથે રહેતા માતુશ્રી જયાલક્ષ્મીબેનને કોઈ વીમાનો બેકઅપ નથી કે નથી તેમની કોઈ બચત. સગા સંબંધીઓના સાથથી કોવિડ-૧૯નો સમય પસાર કર્યો હતો. આ વખતે આંશિક ખર્ચ માટે રૂા.૪૪ હજારની અરજી મેડિકલ સમક્ષ મૂકેલ હતી જે તાત્કાલિક ફંડિંગ થઈ જતાં આ કેસ હાલે કલોઝ જાહેર કરાયેલ છે. આત્મીય દાતાઓની અઢળક અનુમોદના.

# મેડિકલ સમિતિ દ્વારા સંજીવની કેસ નં.૮૧ માટે રૂા.૧.૬૫ લાખ મદદ માટે અપીલ

Samast Mahajan, Sanjivani Initiative


**CASE No.: 81**

## DONATION NEEDED!

## Mrs Bhakti Rahul Dand

**Age: 26 - Bhujodi, Kutch : Lala**

**She has Deformity of Left Foot known as Congenital Talipes Equinovarus and needs to undergo Surgery for correction**




**DONATION REQUIRED**

**Rs.1.65 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  **Branch :** Mulund (West)
**A/c.: 99630100021765**
**IFSC: BARB0DBMULW**  **MICR : 400012272**

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**80G Registration number**
**AANTS1160JF20212**


**Avail tax benefit under section 80G.**
*Submit Aadhar & Pan card Copy.
**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

૨૬ વર્ષીય શ્રીમતી ભક્તિ રાહુલ દંડ લાલા હાલે ભુજોડી રહે છે. તેણીને જન્મજાત ટેલિપ્સ તરીકે ઓળખાતી ડાબા પગમાં વિકૃતી છે જેને સુધારવા માટે સર્જરી જરૂરી છે. આ બિમારીને કારણે છેલ્લા એક વર્ષથી પગમાં ઈન્ફેક્શન થવાથી ચાલવા અસમર્થ છે. છમાસ અગાઉ માયનોર સર્જરી પણ કરાઈ જેનો ખર્ચ અંગત બચતમાંથી કરેલ હતો. આ વખતે અમદાવાદમાં ઓર્થોપેડિક સર્જન પાસે સર્જરી કરવાની સલાહ છે. ન વીમાનો કોઈ કવચ કે નથી કોઈ બચત. પતિ સાથે ભાડાના ઘરમાં રહે છે અને પતિ નાના પાયે ટ્રાવેલ્સનો ધંધો કરે છે. પણ હાલે પેટ્રોલ ડિઝલના ભાવ વધારાને કારણ વશ વિપરીત સંજોગો સામે લડી રહ્યાં છે.

સર્જરી અને સારવાર માટે રૂા.૧.૬૫ લાખનો અંદાજિત ખર્ચ છે. નાની વયમાં સ્વસ્થ થવા મથતા અને સંજોગો સામે મક્કમ સામનો કરવા કટિબધ્ધ ભક્તિબેન દંડના કપરા સમય કાળમાં પીઠ પાછળ ઊભા રહી તેમની મદદ કરીએ એ સમય અને સંજોગોનો તકાદો છે. ઉજ્જવળ ભવિષ્ય તેમનો ઈન્તઝાર કરે છે તેઓને એ પથ પર ચલાવવા સપોર્ટ કરીએ અને મોકળા દિલે દાન ભંડોળ આપી મદદ કરીએ. સંજીવની કેસ માટે અપાયેલ મદદ ભંડોળ 80G અંતર્ગત ટેક્ષ મુક્ત છે. જે માટે દાતાના પેન કાર્ડ, આધાર કાર્ડની કોપી સબમિટ કરવી.

॥ જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી ॥

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ
# શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન










## શેઠ શ્રી દેવજીભાઈ મુરજીભાઈ મોમાયા નિર્મિત
## શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય ના ૧૨૦મા ધ્વજારોહણ નિમિત્તે

(પ્રતિષ્ઠા : સં. ૧૯૫૯ શ્રાવણ સુદ પાંચમ તા. ૨૯.૦૭.૧૯૦૩)

## ત્રિહાનિકા મહોત્સવ :
## સં. ૨૦૭૮ શ્રાવણ સુદ ત્રીજ થી પાંચમ તા. ૩૦.૦૭.૨૨ થી ૦૧.૦૮.૨૨

**મુખ્ય લાભાર્થી પરીવાર શ્રીયુત શા. રાઘવજી કાનજી મોમાયાની જન્મ શતાબ્દી નિમિત્તે**
**માતુશ્રી જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા સમસ્ત પરીવાર**

**પાવન નિશ્રા : પ.પુ. સાધ્વી શ્રી તત્વપુર્ણાશ્રીજીના શિષ્યા પ.પુ. સાધ્વી શ્રી તત્વયશાશ્રીજી મ.સા.**

વિધિકારઃ શ્રી કેવલભાઈ સાવલા તથા સાથીદારો

શ્રાવણ સુદ ત્રીજ : શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા બપોરે ૨.૩૦ ક. થી
શ્રી પ્રભુજી ની ભક્તિ ભાવના તથા ત્યાર બાદ આરતી અને મંગલ દિવો રાત્રે ૮.૦૦ ક. થી

શ્રાવણ સુદ ચોથઃ શ્રી પ્રભુજીના અઢાર અભિષેક સવારના ૮.૩૦ ક. થી. શ્રી પ્રભુજીની ભક્તિ ભાવના તથા ત્યાર બાદ આરતી અને મંગલ દિવો. રાત્રે ૭.૩૦ ક. થી. શ્રી મહાકાળી માતાજીની ભાવના તથા આરતી રાત્રે ૮.૩૦ ક. થી.

શ્રાવણ સુદ પાંચમ : સતરભેદી પુજા તથા જિનાલય ધ્વજારોહણ : સવારના ૯.૦૦ ક. થી.
શ્રી પ્રભુજી ની ભક્તિ ભાવના તથા ત્યાર બાદ આરતી – મંગલ દિવો રાત્રે ૮.૦૦ ક. થી.

## ત્રિહાનિકા મહોત્સવ - સાધર્મિક ભક્તિ

શ્રાવણ સુદ ૩ સંપૂર્ણ દિવસ : **શ્રી વરાડીયા જૈન સંઘ**

શ્રાવણ સુદ ચોથ સંપૂર્ણ દિવસ : અઢાર અભિષેકના મુખ્ય લાભાર્થી પરીવાર
**માતુશ્રી જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા સમસ્ત પરીવાર**

શ્રાવણ સુદ પાંચમ : નવકારશી તથા ચોવિહાર ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરીવાર
**માતુશ્રી જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા સમસ્ત પરીવાર**

બપોરે સ્વામી વાત્સલ્ય : **શ્રી વરાડીયા જૈન સંઘ**

## વિવિધ ચડાવા - લાભ

### પ્રથમ દિવસ : શ્રાવણ સુદ ત્રીજ, તા. ૩૦. ૦૭. ૨૦૨૨

મુલનાયક શ્રી પક્ષાલ પુજા : મણ ૧૦૧ : મા. સોનબાઈ લાલજી વેલજી લોડાયા, ડોમ્બીવલી.
મુલનાયક શ્રી ચંદન પુજા : મણ ૧૫૧ : મા. હીરબાઇ રતનશી પાસવીર ડાઘા, થાણા
બપોરે મુલનાયક શ્રી ની આરતી - મંગલ દિવો : મણ ૧૧૧ : મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી.
મોટી પુજા ની આરતી તથા મંગલ દિવો : મણ ૭૦૨ : મા. નવલબાઈ ધનજી વર્ધમાન નાગડા, ઘાટકોપર.
શાંતિ કલશ : મણ ૫૫૫ : સૌ. ચિત્રા પદમ લાલજી લોડાયા, ડોમ્બીવલી.
રાત્રે પ્રભુજીની આરતી મંગલ દિવો : મણ ૨૫૧ : મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી

### બીજો દિવસઃ શ્રાવણ સુદ ચોથ તા. ૩૧.૦૭.૨૨

મુલનાયક શ્રી પક્ષાલ પુજા : મણ ૧૧૧ : સૌ. સુશીલાબેન અશોકભાઈ વિસનજી ધરમશી, સુથરી
મુલનાયક શ્રી ચંદન પુજા : મણ ૧૦૧: સૌ. સુશીલાબેન અશોકભાઈ વિસનજી ધરમશી, સુથરી.
**ત્રણે મુલ નાયક શ્રી અભિષેક :** ૧, ૯ અને ૧૮ - મુખ્ય લાભાર્થી પરીવાર. અન્ય ૧૫ : નકરા થી.
૧૮ અભિષેક ચંદ્ર દર્શન : મણ ૨,૨૨૨ : મા. કાંતાબેન ગોવિંદજી ધનજી લોડાયા, કોઠારા
૧૮ અભિષેક સુર્ય દર્શન : મણ ૨૫૦૧ : મા. મીઠીબાઈ સોમચંદ વિસનજી દંડ, વરાડીયા
૧૮ અભિષેક બાદ પ્રથમ અષ્ટપ્રકારી પુજા : મુખ્ય લાભાર્થી પરીવાર
૧૮ અભિષેક આરતી : મણ ૨,૫૨૫ : મા. જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા, વરાડીયા
૧૮ અભિષેક મંગલ દિવો : મણ ૧,૧૧૧ : કુ. કાવ્યા વૈશાલી દિપેશ મોમાયા, વરાડીયા.
ભક્તિ ભાવના બાદ રાત્રે આરતી : મણ ૧,૧૧૧ : મા. સુમતિબેન સોમચંદ ચત્રભોજ દંડ, વરાડીયા
મહાકાળી માતાજીની ભાવના બાદ આરતી : મણ ૩૦૧ : શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ - કમિટી મેમ્બર્સ

### દિવસ ૩ઃ શ્રાવણ સુદ પાંચમ, તા. ૦૧.૦૮.૨૨

મુલનાયક શ્રી પક્ષાલ પુજા : મણ ૨૫૧ : ચિ. દિવ્ય દિપાલી નિતીન શાહ, નરેડી
મુલનાયક ચંદન પુજા : મણ ૩૬૧ : મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી
**ધ્વજા ૧ થી ૪ -** મહોત્સવ ના મુખ્ય લાભાર્થી પરીવાર
- ૧. મુલનાયક શ્રી પાર્શ્વનાથજી - શા. હેમરાજ કાનજી મોમાયા પરીવાર
- ૨. મુલનાયક શ્રી આદિનાથજી-શા. રાઘવજી કાનજી મોમાયા પરીવાર
- ૩. મુલનાયક શ્રી ચંદ્રપ્રભુજી- શા. પદમશી કાનજી મોમાયા પરીવાર
- ૪. રંગમંડપ - ડો. સોમચંદ કાનજી મોમાયા પરીવાર

**ધ્વજા ૫ થી ૧૦ ઘૃત બોલીથી આદેશ.**
- ૫ શ્રી પાર્શ્વ યક્ષ દેવ/ શ્રી મહાકાળી દેવી ધ્વજા : મણ ૧૫૦૧ : મા. વાલબાઈ શામજી હીરજી મોમાયા, વરાડીયા.
- ૬ શ્રી ચક્રેશ્વરી દેવી/ શ્રી પદમાવતી દેવી ધ્વજા : મણ ૩,૭૩૭ : ડો. સોમચંદ કાનજી મોમાયા, વરાડીયા
- ૭ પૂર્વ ચોકીયારો : મણ ૧,૫૧૫ : સૌ. જયાબેન ચિમનલાલ મુલજી મોમાયા તથા
  મા. પુષ્પાબેન ચિમનલાલ શામજી મોમાયા
- ૮ દક્ષિણ ચોકીયારો : મણ ૧,૧૧૧ : ચિ. વીર જય હરીશ ડાઘા, ભાંડુપ
- ૯ ઉત્તર ચોકીયારો : મણ ૫,૫૦૮ : સૌ. જયાબેન ચિમનલાલ મુલજી લોડાયા,
  મા. પુષ્પાબેન ચિમનલાલ શામજી મોમાયા, મા. હેમલતાબેન શાંતિલાલ કુંવરજી મોમાયા
- ૧૦ દાદા કલ્યાણ સાગર સુરીશ્વરજી ધ્વજા : મણ ૨૦૦૧ : મા. હીરબાઇ મેઘજી દેવશી મોમાયા, ભાંડુપ

આરતી - મંગલ દિવો : મુખ્ય લાભાર્થી પરીવાર
શાંતિ કલશ : મણ ૨૦૦૧ : સૌ. કિંજલ જય હરીશ ડાઘા, ભાંડુપ

## વરાડીયા ત્રિહાનિકા મહોત્સવઃ સં. ૨૦૭૮ શ્રાવણ સુદ ત્રીજ થી પાંચમ, તા. 30 જુલાઈ થી ૧ ઓગસ્ટ ૨૦૨૨

રાત્રે આરતી - મંગલ દિવો : મણ ૧૫૧ : સૌ. આશાબેન દીપક ગંગાજર ડાઘા, મુલુંડ

**મહોત્સવ દરમિયાન મુખ્ય લાભાર્થી પરીવાર તરફથી નકરો**

- ૧૮ અભિષેક - રૂા. ૫૧,૦૦૦/- અને ધ્વજારોહણ - રૂા. ૫૧,૦૦૦/- :

**અન્ય નકરા તથા ઘૃત**

૧૮ અભિષેકના અન્ય ૧૫ અભિષેકનો નકરો - રૂા.30,000/- અન્ય કુલ ઘૃત : 30,૮3૧ મણ

ઉપરાંત ત્રણે દિવસ પ્રભુજીની આંગીના નકરા રૂા.૨૫૧/- કુલ ૧૭ ભાવિકો એ નોંધાવ્યા હતા.

મુખ્ય લાભાર્થી પરીવારના પધારેલા સર્વે ભાવિકો તથા સ્થાનિક અને બહારગામ થી પધારેલા સર્વે ભાવિકો એ ઉછળતા ભાવે લાભ લઇ ૧૨૦ મા ધ્વજારોહણ મહોત્સવ ને યાદગાર બનાવવા બદલ સૌની ભુરી ભુરી અનુમોદના.

## ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ માટે ગુરૂ ભગવંતોની ની નિશ્રા અને શુભ આશિષ.

વિન્જાણ માં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પુ. સાધ્વી શ્રી તત્વપુર્ણાશ્રીજી મ સા ના શિષ્યા **પ.પુ. સાધ્વી શ્રી તત્વયશાશ્રીજી મ. સા.** એ શ્રાવણ સુદ ચોથ તથા પાંચમ ના શુભ નિશ્રા આપી હતી. (પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવા પણ આ જ મ.સા. પધારશે).

પાલીતાણા થી અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ સા., શીવમસ્તુ તિર્થ થી પ. પુ. હિતવર્ધન સાગરજી મ. સા., સુથરીથી શ્રી મુક્તિરત્ન સાગરજી મ. સા., વિન્જાણ થી સાધ્વી શ્રી તત્વપુર્ણાશ્રીજી મ.સા., રાયણથી સાધ્વી શ્રી ચારુપ્રજ્ઞાશ્રીજી તથા સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મ.સા, સાંધવથી સાધ્વી શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા આદિપુરથી સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદી ઠાણાઓ એ આ પ્રસંગે ધર્મલાભના આશિષ પાઠવી શુભકામના ઓ પાઠવી છે જેની વિગતો વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા એ સતરભેદી પુજા દરમિયાન આપી હતી.

## ત્રિહાન્હિકા મહોત્સવ દરમ્યાન સ્વાગત, સન્માન તથા અનુમોદના

ત્રિહાનિકા મહોત્સવના મુખ્ય લાભાર્થી પરીવાર મા. જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા સમસ્ત પરીવારજનો વરાડીયા તા. 30.0૭.૨૨ ના પધાર્યા ત્યારે શ્રી વરાડીયા જૈન સંઘ ધ્વારા ઢોલ તથા બેડાથી સ્વાગત કરવામાં આવેલ.

મહોત્સવ દરમિયાન મુખ્ય લાભાર્થી પરીવારના પ્રતિનિધિઓનું શ્રી વરાડીયા જૈન સંઘ દ્વારા સન્માન કરવામાં આવેલ.

ત્રિહાનિકા મહોત્સવના મુખ્ય લાભાર્થી પરીવાર-શ્રી રાઘવજી કાનજી મોમાયાની જન્મ શતાબ્દી નિમિત્તે મા. જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા સમસ્ત પરીવારની શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ ભુરી ભુરી અનુમોદના કરે છે.

દેરાસરના સ્ટાફની પ્રસંશનીય કાર્યશૈલી માટે ૧) શ્રી સૌરભ લાલકા, મેનેજર ૨) શ્રી વિનોદ મોમાયા, પુજારી તથા 3) શ્રી અનીરુધ્ધસિંહ જાડેજા, કર્મચારીનો મુખ્ય લાભાથી પરિવાર તથા શ્રી વરાડીયા મહાજન દ્વારા સન્માન થયેલ.

શ્રી વરાડીયા મહાજન ના આમંત્રણ ને માન આપી મહોત્સવ દરમિયાન એક દિવસ ઉપસ્થિત રહેવા બદલ સર્વ શ્રી વિન્જાણ, સાંધવ, સાંયરા તથા કોઠારા જૈન સંઘ નો શ્રી વરાડીયા જૈન સંઘ આભાર સહ અનુમોદના કરે છે.

ત્રિન્હાનિકા મહોત્સવ દરમ્યાન મનભાવન ભોજનીયા બદલ ભોજનશાળાના કોન્ટ્રાક્ટર શ્રી નરેન્દ્રભાઈ લોડાયા તથા ત્રણ દિવસ ભોજનશાળાની વ્યવસ્થા સુંદર રીતે સંભાળનાર ટ્રસ્ટી શ્રી નલિન ડાઘાની ભુરી ભુરી અનુમોદના.

## આવતા વર્ષે સ.૨૦૭૯ના ૧૮ અભિષેક તથા ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરિવાર તરીકે માતુશ્રી ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરિવારે લાભ લીધેલ છે. તેમની ભુરી ભુરી અનુમોદના

# વરાડીયા ત્રિહાનિકા મહોત્સવઃ સં. ૨૦૭૮ શ્રાવણ સુદ ત્રીજ થી પાંચમ, તા. 30 જુલાઈ થી ૧ ઓગસ્ટ ૨૦૨૨

## વરાડીયા ત્રિહાનિકા મહોત્સવ : ભાવિકો માટે રહેવાની સગવડ

વરાડીયામાં ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ દરમિયાન બહારગામથી ઘણા વરાડીયાવાસીઓ તથા નિયાણી પરીવારજનો પધારેલા હોવાથી અતિથીગૃહમાં દરેકનો સમાવેશ શક્ય ન હોવાથી વરાડીયામાં પોતાના ઘરમાં રહેતા તથા પોતાનું ઘર ધરાવતા વરાડીયા વાસીઓ એ પોતાના રહેણાંક ઘરોનો બહારગામથી પધારેલા ભાવિકોને રહેવા માટે ઉપયોગમાં આપવા માટે **શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ** આ પરીવારજનોનો આભાર માની ભુરી ભુરી અનુમોદના કરે છે.

**૧. શા. શાંતિલાલ કુંવરજી પટેલ.**
**૨. મા. કલાવતી બેન દામજી પદમશી મોમાયા**
**૩. શા. મોતીચંદ મણશી દંડ**
**૪. મા. માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા**
**૫. શા. લખમશી નરશી મોમાયા**
**૬. મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા**
**૭. મા. સરલાબાઈ ઠાકરશી રતનશી ડાઘા**
**૮. શા. સુરેશ લખમશી દંડ**
**૯. મા. સોનબાઈ લાલજી વેલજી લોડાયા**
**૧૦. શા. લહેરચંદ રતનશી ડાઘા**
**૧૧. શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ વરાડીયા**

## પ્રભુજી ની વસ્ત્ર આંગી

**શ્રી વરાડીયા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ દરમ્યાન નિમ્નલિખિત ભાવિક પરીવાર તરફથી ગંભારામાં બિરાજમાન જિન પ્રતિમાઓ માટે સુંદર વસ્ત્ર આંગી અર્પણ કરવામાં આવી છે.**

શ્રી રાઘવજી કાનજી મોમાયાની જન્મ શતાબ્દી નિમિત્તે
દિકરી સૌ. મીનાબેન હેમંત નવિનચંદ્ર મોતા, રાયધણજર – ૫ આંગી
(એક આંગી મુલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીની તથા અન્ય ચાર આંગી )
મા. હીરબાઇ મેઘજી દેવશી મોમાયા, હૈદરાબાદ – ૧ આંગી (મુલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીની)
ચિ. દિવ્ય દિપાલી નિતીન શાહ, નરેડી – ૧ આંગી (સાથે રજત નાનો નાળિયેર તથા ફુલ)
મા. હેમલતાબેન શાંતિલાલ કુંવરજી પટેલ, વરાડીયા – ૪ આંગી
કુ. કાવ્યા વૈશાલી દિપેશ ચિમનલાલ મોમાયા, વરાડીયા – ૧ આંગી.
ચિ. ધ્રુવાંશ / કુ. ધ્રુવિકા કુંજલ પરાગ દેવેન્દ્ર મોમાયા, સાંયરા – ૧ આંગી

ઉપરાંત મુખ્ય લાભાર્થી પરીવાર મા. જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા સમસ્ત પરીવાર તરફથી પુજા સામગ્રીનો થાળ પ્રભુજીને અર્પણ થયેલ છે.

**આ અગાઉ નિમ્નલિખિત ભાવિકો તરફથી શ્રી પ્રભુજીની વસ્ત્ર આંગીઓ સાભાર મળેલ છે.**

**મુલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી :**
૧. મા. નેણબાઈ મણશી કાનજી દંડ, ઘાટકોપર.(૨૦૨૦), ૨ મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી (૨૦૨૧),
**મુલનાયક શ્રી આદિનાથજી તથા ચંદ્રપ્રભુ સ્વામીજી** : ૩/૪ શા. શાંતિલાલ કુંવરજી રામજી પટેલ, ભાંડુપ.

## સર્વ સાધારણ અને ફાળો

છેલ્લા ત્રણ વર્ષની પ્રણાલી મુજબ જેટલામી ધ્વજા હોય એટલા રૂપિયાની એક આની પ્રમાણે દર વર્ષે ફાળો થાય છે જેથી નાના મોટા સર્વે ભાવિકો યથા શક્તિ લાભ લઈ શકે. આ વર્ષે **૧ આનીના રૂા.૧૨૦/–** પ્રમાણે કુલ **૧૫૯** ભાવિકોના સહયોગથી કુલ **૨,૯૨૨ આની** નોંધાયેલ જેમાં ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવના મુખ્ય લાભાર્થી પરીવાર માતુશ્રી જેતબાઈ કાનજી ટોકરશી મોમાયા સમસ્ત પરિવારનો **૫૦૧ આની**નો વિશિષ્ઠ ફાળો રહેલ.

**આ સર્વે ભાવિક પરીવારજનોની શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ ભુરી ભુરી અનુમોદના કરે છે**

## વરાડીયા ત્રિહાનિકા મહોત્સવઃ પ્રથમ દિવસ : શ્રાવણ સુદ ત્રીજ, તા. ૩૦. ૦૭. ૨૦૨૨








## વરાડીયા ત્રિહાનિકા મહોત્સવઃ બીજો દિવસઃ શ્રાવણ સુદ ચોથ તા. ૩૧.૦૭.૨૨














# વરાડીયા ત્રિહાનિકા મહોત્સવઃ દિવસ ૩ઃ શ્રાવણ સુદ પાંચમ, તા. ૦૧.૦૮.૨૨




















## ભાંડુપ સંઘમાં શ્રી નેમિનાથ પ્રભુના જન્મકલ્યાણક નિમિત્તે ગિરનાર ભાવયાત્રા થઈ







મુંબઈ સેન્ટ્રલ વિભાગના ભાંડુપ ઉપનગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી મ.સા.ની પાવન પ્રેરક નિશ્રામાં શ્રી નેમિનાથ પ્રભુના જન્મ કલ્યાણક નિમિત્તે ગિરનાર ભાવયાત્રાનું અદ્‌ભૂત ભાવથી આયોજન કરાયું. આ ભાવ યાત્રાના સંઘપતિ પુષ્પાબેન દામજી લોડાયા બાંઢિયા હસ્તે મનોજભાઈ લોડાયા હતા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્કૃષ્ટ ધર્મ ભાવ સાથે આ આયોજનમાં સહભાગી થઈ ધર્મ લાભ લીધો હતો.





## ખંડવા સંઘમાં ગૌતમ લબ્ધિ અનુષ્ઠાન અદ્‌ભૂત ધર્મલાભ સાથે થયા







મધ્ય પ્રદેશ રાજ્યના ખંતીલા ગામ નગર ખંડવા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં ગૌતમ લબ્ધિ અનુષ્ઠાનની ધર્મ આરાધના અદ્‌ભૂત ભાવ સાથે સંપન્ન થઈ.

## સાંધવ નગર સંઘમાં શાશ્વત તીર્થ નેમિનાથ મંડન ગિરનાર મહાતીર્થ યાત્રાની ભાવયાત્રા યોજાઈ

તા.૩૧ જુલાઈ રવિવારના દિને અબડાસા વિભાગના સાંધવ નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલછાયામાં પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી આદિ ઠાણા ૨ની શુભ નિશ્રામાં શાશ્વત તીર્થ નેમિનાથ મંડન શ્રી ગિરનાર મહાતીર્થની ભાવયાત્રાનું આયોજન કરાયું. ભાવયાત્રા કરાવવાનો લાભ માતુશ્રી વિમળાબેન ઠાકરશી પટેલ અને માતુશ્રી હેમલતાબેન નવીનકાંત પીર સુથરી-મુલુંડ પરિવારએ લીધેલ. સકળ સંઘ સાધ્વીજી મહારાજ સાહેબ સાથે લાભાર્થી પરિવારના ઘરે વાજતે ગાજતે ગયેલ અને છ'રી પાલિત સંઘ રૂપે ભાવયાત્રા કરવામાં આવેલ. આસપાસના ગામોની પાંજરાપોળ અને ગૌશાળામાં પશુઓ માટે ગોળનું વિતરણ કરાઈ જીવદયાનું અનુપમ કામ કરાયું હતું.

# ભુજ સંઘમાં નવકાર મહામંત્રના અખંડ જાપમાં ૧૦૦ શ્રાવકો દરરોજ લાભ લઈ રહ્યાં છે





કચ્છ પ્રદેશના ભુજ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિરાગગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં પ્રભુ શ્રી નેમિનાથ જન્મકલ્યાણક, પ.પૂ.શ્રી આર્યરક્ષિતસૂરિશ્વરજી મ.સા.ની પુણ્યતિથિ, માસધર, પ.પૂ.દાનસાગરસૂરિશ્વરજી મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિને અનુલક્ષીને સમસ્ત જૈન સંઘના ભાઈ બહેના માટે ૭ દિવસના નવકાર મહામંત્રના અખંડ જાપ જેમાં આશરે ૧૦૦ શ્રાવક શ્રાવિકાઓ દરરોજ લાભ લઈ રહ્યાં છે. દેવગુરૂ કૃપાથી અચલગચ્છ સંઘના ૨૫ જણ ૧૬મા ઉપવાસ સાથે માસખમણ તરફ આગળ વધી રહ્યાં છે. તેમના તપની અનુમોદના.

# તપચક્રવર્તી પ.પૂ.અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે જીવદયા કરાઈ

તા.૧ ઓગસ્ટ સોમવારના જીવદયા પ્રતિપાલક ગિરનાર મંડન પરમાત્મા શ્રી નેમિનાથ પ્રભુના જન્મ દીક્ષા કલ્યાણક અને તપચક્રવર્તી પ.પૂ.આચાર્ય દેવ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે પ.પૂ.સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ની શુભકારી ચાતુર્માસ નિશ્રા અને પ્રેરણાથી સાંધવ નગર જૈન સંઘની તરફથી સાંધવ ગામની વથાણમાં ગૌમાતાઓને ગોળ, ભુસો અને સુકો ચારો ખવડાવામાં આવેલ અને અબડાસા તાલુકાની પાંજરાપોળ જેમાં તેરા, નલિયા, જખૌ, પરજાઉ, કોઠારા, સુથરી અને દેઢિયા તીર્થમાં જીવદયા અર્થે પ્રત્યેક ગૌશાળામાં ૫૦ કિલો ગોળ ખવડાવવામાં આવેલ.

# યવતમાલ સંઘમાં અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિ દિને ભક્તામ્બર પૂજન કરાયું





શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલમાં તા.૨ ઓગસ્ટ મંગળવારના દિને અચલગચ્છાધિપતિ તપ ચક્રવર્તી આચાર્ય ભગવંત પ.પૂ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિ દિને ભક્તામ્બર પૂજનનું આયોજન પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં અદ્‌ભૂત ધર્મભાવ સાથે સંપન્ન કરાયું.



## અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ દ્વારા યુવા મિલનનું આયોજન

દક્ષિણ મુંબઈ સંઘના નેજા હેઠળ સેન્ટ્રલ પ્લાઝા ગીરગામ, ચર્ની રોડ સ્ટેશન પાસે તા.૭ ઓગસ્ટ રવિવાર બપોરે ૨ થી ૫ દરમ્યાન ફેન્ટાસ્ટીક યુવા મિલન ધ્યાન યોગી ગણિવર્ય પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના નિશ્રામાં અચલગચ્છ વિહાર સેવા ગ્રુપના સમસ્ત મુંબઈના સેવા કરીઓ નો ફેન્ટાસ્ટિક યુવા મિલનનું આયોજન અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ AYUP દ્વારા કરાયું છે. જેનો ડ્રેસ કોડ વાઈટ એન્ડ વાઈટ છે. જેમાં યુવા રત્ન ઈશાન શાહ માર્ગદર્શન કરશે. કાર્યક્રમના દાતા પરિવાર સંઘમાતા દમંયતીબેન મૂળજી ગડા પરિવાર નાના રતાડિયા છે.

## કોઠારા તીર્થે શ્રી નેમિનાથ ભગવાન કલ્યાણક દિને પશુઓનો જીવદયા સેવા કરાઈ





કોઠારા તીર્થમાં શ્રી નેમિનાથ ભગવાનના કલ્યાણકના દિને કોઠારા પાંજરાપોળમાં પશુઓને ગોળ, લીલો ચારાનું નીરણ કરાયું. હાલે ચાલી રહેલા લમ્પી રોગ ચાળાના પ્રકોપથી પશુઓ જલ્દી સારા થાય એ માટે પ.પૂ.શ્રી જગતત્ર્યાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં પૂજ્યશ્રીના મુખે માંગલિક અને જાપ કરવામાં આવ્યા.

## કોઠારા નગર તીર્થ સંઘમાં નેમિનાથ પ્રભુ કલ્યાણક અવસરે ધર્મ આરાધનો કરાઈ

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના ઐતિહાસિક કોઠારા નગર તીર્થમાં પ.પૂ.સાધ્વીશ્રી જગતત્રયાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી નેમિનાથ પ્રભુના કલ્યાણક નિમિત્તે વિવિધ ધર્મ આરાધનાઓ શ્રાવક શ્રાવિકાઓના અનન્ય ઉત્સાહ ભર્યા સહભાગથી થઈ. સૌ ભાવિકોએ ઉમંગ અને ઉછળતા આનંદભાવથી ધર્મલાભ લઈ કૃતાર્થ થયાં હતાં.



## માંડવી સંઘમાં અચલગચ્છાધિપતિ મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિએ ગુણ સંભારણા કરાયા

કચ્છના બંદરીય શહેર માંડવી નગર સંઘમાં પ.પૂ. ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા.ની મંગલ નિશ્રામાં તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે ગુણ સંભારણા કાર્યક્રમ થયો.



## કન્યાઓ માટે જિનશાસન આર્મી ટ્રેનિંગ કેમ્પ શરૂ થયો

શ્રી નેમિનાથ પ્રભુનું દિક્ષા કલ્યાણક તથા તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે પુણ્ય વિપુલ પરિવાર દ્વારા ભવિષ્યમાં શ્રમણી Soliders અને શ્રાવિકા Soliders થવા યોગ્ય ૨૫ વર્ષ સુધીની કન્યાઓ Cadets માટે અવનવું કેમ્પ જે ૯ મહિના ૯ દિવ માટે ગુરૂનિશ્રામાં Training Camp Trailerનું આયોજન તા.૪ ઓગસ્ટ ગુરૂવારથી તા.૪ મે ૨૦૨૩ સુધીનું શરૂ થયું. સદર કેપની નિશ્રા પ્રેરણા ટ્રેનિંગ કેપ્ટન પ.પૂ.સાધ્વી શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. હાથ નેમિનાથનો સાથ ગુરૂદેવનો.

## કચ્છના સુથરી તીર્થે શ્રીનેમિનાથ ભગવાનના કલ્યાણક તથા દિક્ષા કલ્યાણ દિન સાથે ગુરૂદેવનું ગુણાનુવાદ કરાયું



કચ્છ વિભાગના અબડાસા પ્રાંતના સોહામણા સુથરી સંઘમાં પ.પૂ.શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી નેમિનાથ ભગવાનના જન્મકલ્યાણક દિન તથા દિક્ષા કલ્યાણક દિવસ અને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે ગુરૂદેવનું ગુણાનુવાદ કરાયેલ.

## ડોંબિવલી સંઘમાં શ્રી સુવિધિનાથ દાદાના રંગમંડપમાં અનુપમ રંગોળી કરાઈ



શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં શ્રી ગિરનાર તીર્થ મંડન શ્રી નેમિનાથદાદાના જન્મ અને દીક્ષા કલ્યાણક નિમિત્તે શ્રી સંઘની યુવા મહિલાઓ દ્વારા પ્રભુના ૨-૨ કલ્યાણકો શ્રી વિભૂષિત શ્રી ગિરનાર મહાતીર્થની ભવ્ય અને અનુપમ રંગોળી શ્રી સુવિધિનાથ દાદાના રંગમંડપે કરવામાં આવેલ.

આ બેનમુન કૃતિ રચના નિહાળી સૌ ધન્યતા સાથે અચંબિત થયા હતા.

## શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા 'વિવિધતામાં એકતા' અંતર્ગત આઝાદીના અમૃત વર્ષની ઉજવણી કરાશે

શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમની મીટિંગમાં નિર્ધારીત થયા મુજબ દેશની આઝાદીના ૭૫મા વર્ષ અમૃત મહોત્સવની ઉજણી કરવાનું નિર્ધારીત કરાયા મુજબ સાંસ્કૃતિક કાર્યક્રમની જવાબદારી શ્રી ક.દ.ઓ.જૈન સંઘ પુનાને સોંપવામાં આવેલ છે. શ્રી સંઘ તરફે કાર્યક્રમના સૂત્રધાર છે. ખુશાલ મહેશ્વરી, પ્રશાંત લાલકા, સાગર લાલકા તથા કોર કમિટીના શ્રીમતી જીનલ લોડાયા, ધવલ દંડ, શ્રીમતી ભાવના મહેશ્વરી તથા શ્રીમતી ચાંદની લોડાયા. આ વખતે મહારાષ્ટ્ર એકમના મેળાવડામાં આપ સૌ આપના ગામ શહેરમાં રહીને સામેલ થઈ શકશો એટલે કે ઓનલાઈન રીતે સાંસ્કૃતિક પ્રોગ્રામમાં જોડાઈ શકશો.

કાર્યક્રમ શિર્ષક વિવિધતામાં એકતા રહેશે. જેની અંતર્ગત નીચે આપેલ ૧૦ કમ્યુનિટીમાંથી તમારે એક કમ્યુનિટીનું ચયન કરી સિનીયમ ૬ મિનીટ અર્થે મેકઝિમમ ૧૦ મિનીટની કૃતિ, નૃત્ય નાટિકા, વેશભૂષા ફેશન શો, કવિતા વિગેરે દ્વારા વિડીયો બનાવવાનો રહેશે. જે પુના સાંસ્કૃતિક સમિતિને મોકલવાનું રહેશે. રજીસ્ટ્રેશનની અંતિમ તા.૧૦ ઓગસ્ટ અને વિડીયો મોકલવાની અંતિમ તા.૧૦ સપ્ટેમ્બર ૨૦૨૨. કાર્યક્રમની રજૂઆત શનિવાર, તા.૧૭ સપ્ટેમ્બર રાત્રે ૮ થી ૧૦ કલાકે ઓનલાઈન ઝુમ મીટ ઉપર. વધુ વિગત માટે સંપર્ક ખુશાલભાઈ મહેશ્વરી-૮૦૮૭૯૯૩૩૫૧. સાંસ્કૃતિ કૃતિ બનાવવા માટે કોઈપણ એક કોમ્યુનિટી પસંદ કરવા માટેના વિકલ્પ ૧) કચ્છી ૨) ગુજરાતી ૩) રાજસ્થાની ૪) પંજાબી ૫) મદ્રાસી ૬) મહારાષ્ટ્ર ૭) કોંકણી ૮) બંગાલી ૯) ભોજપુરી ૧૦) ખ્રિસ્તી. આ કાર્યક્રમની સૂચના, જાહેરાત પોત પોતાના સંઘના વોટ્સઅપ ગ્રુપમાં ફોરવર્ડ કરવા વિનંતી.

## સાંગલી સંઘમાં વર્ધમાન શક્રસ્તવ અભિષેક ભાવપૂર્વક સંપન્ન થયા

મહારાષ્ટ્ર રાજ્યના સાંગલી સંઘમાં પ.પૂ.ડૉ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં શ્રી નેમિનાથ ભગવાનના જન્મ કલ્યાણક નિમિત્તે શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક રાખવામાં આવેલ. આ પાવનકારી ધર્મ આરાધનાનો ૧.૧૫ કલાકનો તથા ૫૫.૨૭ મિનિટના બે યુટ્યૂબ વીડિયો લિન્ક https://youtube.com/watch?v=4prs8j9RcZs&feature=share ઉપર ઘેરબેઠા જોઈ માણી શકાશે. આ અદ્‌ભૂત આરાધનાનો લાભ અચૂક લેશો.

## કચ્છના આદિપુર સંઘમાં ફનફેર ગેમ શોનું આયોજન ઉત્સાહ ભાવ સાથે સંપન્ન થયું






તા.૩૧ જુલાઈ રવિવારના પશ્ચિમ કચ્છના આદિપુર સંઘમાં સવારે ૯ કલાકથી પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા દ્વારા ફનફેર ગેમશોનું આયોજન કરાયું હતું. રજીસ્ટ્રેશન માટે માત્ર રૂા.૨૦ ફી રખાઈ હતી. નાના મોટાઓ અતિ ઉત્સાહ સાથે ભાગ લઈ આનંદ મોજ માણી જ્ઞાન વૃધ્ધિ કરી હતી.

પ્રભુ સરગમ, ૮૪નું ચક્કર, સમય સરવાણી, આતમથી પરમાત્મા, પંચ પરમેષ્ઠી સદા હૈયે વસતા, ચાર ગતિ નિવારણ, પ્રભુ સંગ પ્રીત જેવા વિવિધ વિષયની રમતા રમતા જાણકારી મેળવી હતી.

## ગોધરા નગરે વિનોદ સંકુલમાં ગુરૂ મંદિરે ગુરૂ પૂજન કરાયું



કચ્છના માંડવી તાલુકાના ગોધરા નગરે વિનોદ સંકુલમાં ગુરૂદેવના ગુરૂ મંદિરે શ્રી સકળ સંઘ દ્વારા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૨જી પુણ્યતિથિ નિમિત્તે પ.પૂ. સાધ્વીશ્રી મોક્ષદર્શનાશ્રીજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં તપસ્વીઓ દ્વારા પૂજ્ય ગુરૂદેવનું ગુરૂપૂજન વિધિપૂર્વક કરાયું હતું.



## વિર્લેપારલા સંઘમાં પૂજ્ય મહારાજ સાહેબની ૭૩મી ઓળીનું પારણું થયું







તા.૩૧ જુલાઈ રવિવાર દિને મુંબઈ પ્રદેશના પશ્ચિમ વિભાગના વિર્લેપારલા ઉપનગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.ની ૭૩મી ઓળીનું પારણું પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.આદિઠાણાની નિશ્રામાં થયું.

## ચેમ્બુર સંઘમાં ગિરનારની ભાવાયાત્રા સાથે ભૂતકાળની ભવ્યતા અનુષ્ઠાન થયા

શ્રી ચેમ્બુર સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી હિરણ્યાગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ભૂતકાળની ભવ્યતા સાથે ગિરનાર મહાતીર્થની ભાવયાત્રા થઈ.





## નવી મુંબઈ સંઘમાં ઉપકરણ વંદનાવલી અનુષ્ઠાનની ધર્મ આરાધનાઓ થઈ



રવિવાર તા.૩૧ જુલાઈના સવારે ૯.૧૫ કલાકે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની સંયમૈકલક્ષી પ.પૂ.સાધ્વીશ્રી મનહરશ્રીજી મ.સા.ના શિષ્યા વર્ધમાન તપોનિધિ પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી વાચંયમાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સંગીતકાર બ્રિજેશ સાવલા અને સાથી કલાકારોના સથવારે ઉપકરણ વંદનાવલી અનુષ્ઠાનની ધર્મ આરાધનાઓ થઈ.

## વડોદરા સંઘના આંગણે શ્રી નેમિનાથ પ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણી કરાઈ





તા.૧ ઓગસ્ટ સોમવાર રોજે વડોદરા સંઘમાં કેડીઓ ભવન ખાતે પ.પૂ. સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી નેમિનાથ પ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણી કરવામાં આવી. આ ધર્મ આરાધનામાં ભાવિકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.









# બારોઈ ગોએરસમા સંઘમાં પ્રભુજીની દેવી દેવતા પ્રતિમાની ચલ પ્રતિષ્ઠા કરાઈ




કચ્છ પ્રદેશના કંઠી વિસ્તારના મુંદ્રા તાલુકાના બારોઈ-ગોએરસમા ગામે શ્રી ચંદ્રપ્રભુ જિનાલયે અન્ય પ્રભુજી તથા દેવી દેવતાઓની પ્રતિમાની ચલ પ્રતિષ્ઠા વિધિકાર પ્રવીણ સાવલાના સથવારે યોજાઈ.

# સૂરત સંઘમાં ગણિવર્ય ભગવંત દ્વારા અહો આર્શ્ચમ જૈન વિજ્ઞાનમ વિષે પ્રવચન થયું

શ્રી શાંતિનાથ ઉપાશ્રમ મોડલ ટાઉન પરબત પાટિયા સ્થળે સૂરત સંઘ દ્વારા તા.૩૧ જુલાઈ રવિવારના સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી ગુરૂકૃપા પાત્ર, મારવાડ રત્ન જિનવાણીના જાદુગર ગણિવર્ય પ.પૂ.શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ના મુખવાણીથી અહો આર્શ્ચમ જૈન વિજ્ઞાનમ શીર્ષક અંતર્ગત પ્રવચન થયું. આ પ્રવચન સાંભળવા માણવાની યુટ્યૂબ લિંક https://youtu.be/W3nSI5C-bYQ ઉપર ક્લીપ કરવાથી જોઈ શકાશે. પ્રવચન પશ્ચાત સાધર્મિકના લાભાર્થી ઓમપ્રકાશજી નંદકિશોરજી મહેશ્વરી હ.સુરેશજી મહેશ્વરી સુરત.


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ચેતના ખોના**
તા.૩૧ જુલાઈ (ઉ.૬૭)
સાધવ-ખંડવા



**હિરેન લોડાયા**
તા.૩૧ જુલાઈ (ઉ.૬૧)
જખૌ-અમદાવાદ



**ઉત્તમચંદ મૈશેરી**
તા.૧ ઓગસ્ટ (ઉ.૭૨)
લાલા-ચેમ્બુર



**વિમલા છેડા**
તા.૧ ઓગસ્ટ (ઉ.૮૩)
વરાડિયા-અમરાવતી



**રમેશંચદ્ર લાપસીયા**
તા.૪ ઓગસ્ટ (ઉ.૬૭)
દલતુંગી-નાંદેડ



**શાંતા લોડાયા**
તા.૫ ઓગસ્ટ (ઉ.૯૦)
ગોરખડી-ગોરખડી



**હિરાચંદ નાગડા**
તા.૫ ઓગસ્ટ (ઉ.૮૪)
નલિયા-ભુજ



**દિલીપ નાગડા**
તા.૫ ઓગસ્ટ (ઉ.૭૧)
પરજાઉ-પાચોરા



**જગદીશ ધરમશી**
તા.૫ ઓગસ્ટ (ઉ.૭૫)
સુથરી-મુંબઈ



**દિલીપ સાંયા**
તા.૬ ઓગસ્ટ (ઉ.૬૮)
સુજાપર-સુથરી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છમાં કૃષિ મહાવિદ્યાલય સ્થાપવા માટે ગતિવિધિ શરૂ છે. ટૂંક સમયમાં આ સંદર્ભે હકારાત્મક પરિણામ મળશે તેવી હૈયા ધારણા કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયના રાજ્યમંત્રી કૈલાસ ચૌધરીએ ગાંધીધામના ચેમ્બર ભવન ખાતે યોજાયેલા પ્રવાસી સંમેલનમાં જણાવી હતી. કૃષિ કોલેજ માટે જમીન સંલગ્ન પ્રશ્ન ઉકેલવા ગતિવિધિ પૂરજોશમાં છે. કૃષિ યુનિવર્સિટી સાથે ફુડ પ્રોસેસિંગ પાર્કની સ્થાપના પણ કરાશે.

● સલીનત ઓફ ઓનાનના સુલતાન હૈયમ બિન તારીકે મૂળ માંડવીના અને વિખ્યાત ખીમજી રામદાસ ગ્રુપના ડાયરેક્ટર પંકજ ખીમજીની ઓમાન દેશના વાણિજ્ય ઉદ્યોગ અને ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન મંત્રાલયમાં વિદેશી વ્યાપાર તેમજ આંતરરાષ્ટ્રીય સરકારના એડવાઈઝટ પદે નિયુક્તિ કરી છે. પંકજ ખીમજી ઓમાન ક્રિકેટ બોર્ડના ચેરમેન છે અને એશિયન ક્રિકેટ કાઉન્સિલના ઉપાધ્યક્ષ પણ છે.

● કચ્છના અંજાર તાલુકાના ટપ્પર (Tappar) ગામની અને દેશ વિદેશમાં પ્રસિધ્ધ લોકગાયિકા ગીતાબેન રબારી માલધારી પરિવારની દીકરી છે. જેમણે કોઈ ઉસ્તાદ, પંડિત કે સંગીત વિશેષજ્ઞ પાસે તાલીમ ન લીધી હોવા છતાં પચાસ કરોડથી વધુ ચાહક વર્ગ ધરાવે છે. માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં ગુજરાતી ગાયકીમાં ટોપનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની આ સિધ્ધિને કારણે અનેક સન્માનો અને એવોર્ડ પ્રાપ્ત થયા છે. હાલમાં તેની લંડનની મુલાકાત દરમ્યાન વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન તેને સ્થાન મળ્યું છે. વર્લ્ડ બુક રેકોર્ડ અંગેનું એકસેલેન્સી સર્ટિફિકેટ લંડનની પાર્લામેન્ટ હાઉસ ખાતે હેરો વેસ્ટ પ્લાનના મેમ્બર ઓફ પાર્લામેન્ટ ગ્રેથા થોમસજીના હસ્તે એનાયત કરાયું

● કચ્છમાં માધાપર અને ગાંધીધામમાં રમત ગમત સંકૂલો નિર્માણ પામ્યા છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દરેક જિલ્લાના કોઈ એક તાલુકાના એક નગરમાં પહેલા વર્ષ એક રમત સંકુલ વિકસાવાના અને પછી દર વર્ષે ગ્રામ્ય સ્તરે વધુ કોમ્પલેક્સના નિર્માણ કરવાનો તખતો ઘડાઈ ગયો છે. આ મુજબ માંડવી તાલુકાના મસ્સકા, નખત્રાણાના મોટી વિરાણી અને લખપત તાલુકાના દયાપરની અને પૂર્વ કચ્છમાંથી ભક્તિ આનંદ વિદ્યાલય માટેની ભલામણી મોકલાવાઈ છે. જે તાલુકા લેવલનું સંકુલ મંજૂર થશે. તેમાં ચાર પ્રચલિત રમત કબડ્ડી, ખોખો, વોલીબોલ અને એથ્લેટિક્સના સારા કોચ ટ્રેનર રહેશે.

● કચ્છ યુનિવર્સિટીના અર્થ અને પર્યાવરણ વિજ્ઞાન વિભાગની પીએચડી સ્કોલર મોનિકા શર્માની પસંદગી પ્રતિષ્ઠિત સસ્ટેનેબલ એગ્રીકલ્ચરલ સોલ્યુશન્સ પર એક આંતરરાષ્ટ્રીય સમર કોર્સ માટે કરવામાં આવી હતી. જે ઈઝરાયલ ખાતે નેગેવની બે ગુરિયા યુનિવર્સિટી સેડે બ્રોકર કેમ્પસમાં યોજાઈ હતી. આ સેમિનારમાં વિશ્વભરમાંથી માત્ર ૨૪ વિદ્યાર્થી પસંદ કરાયા. જેમાં બે ભારત ના હતા તેમાંની એક મોનિકા શર્મા અબડાસાના ખેડૂતની પુત્રી છે. તેણીએ શુષ્ક પ્રદેશોની વાસ્તવિકતા ગ્રામીણ કૃષિ સમસ્યાઓ જોઈ છે અને દરરોજ ખેડૂતો જે મુશ્કેલીઓ અનુભવે છે. તેનું તેને જ્ઞાન છે.

● સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સાહિત્ય ક્ષેત્રે બહુમૂલ્ય યોગદાન આપનારા બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના સ્થાપક અધ્યક્ષ ડૉ.હેમરાજ વીરમ શાહ દ્વારા કરાયેલી પ્રવૃત્તિઓની નોંધ વર્લ્ડ રેકોર્ડ બુક દ્વારા લેવાઈ છે અને ઈન્દોર ખાતે યોજાયેલ સમારોહમાં વર્લ્ડ બુક ઓફ સ્ટાર રેકોર્ડ નોએયોર્ડ આપી નવાજાય. વર્ષ ૧૯૮૦થી હેમરાજ શાહ કચ્છ શક્તિના નેજા હેઠળ દર વર્ષે કચ્છી નવા વરસ દિને કચ્છી નવા વરસ દિને કચ્છી બહુમુખી પ્રતિભાઓને કચ્છશક્તિ રાષ્ટ્રીય એવોર્ડ આપી, સન્માનિત કરે છે. અત્યાર સુધી તેમણે એક હજારથી વધારે ભાઈ-બહેનોને આ ગૌરવ પ્રદાન કર્યું છે.

● તા.૨૨ જૂન વિશ્વ ઊટ દિવસ તરીકે ઉજવાય છે. ઊટ જીવ માટે કચ્છમાં મોટા પ્રમાણમાં ચરિયાણ આવેલું છે. અહીં ખારાઈ અને કચ્છીઓમાં બે પ્રકારના ઊંટો જોવા મળે છે. ખારાઈ ઊંટો મુખ્યત્વે ચેરિયા, દરિયાઈ વનસ્પતિ ઉપર આશ્રિત છે. જ્યારે કચ્છી જાતિના ઊંટો ડુંગરાળ, કાંટાળા જંગલો અને ઘાસિયા મેદાનો ઉપર આશ્રિત છે. કચ્છમાં ૧૨ હજારથી વધુ કચ્છી અને ખારાઈ ઊંટ છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS

# RHD UNNATI LOAN INTEREST FREE



Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)